# રાજકોટમહાનગરપાલિકા

ડો. આંબેડકરભવન, ઢેબરભાઈરોડ, રાજકોટ - ૩૬૦૦૦૧


-: અખબારીયાદી :-

તારીખ:- ૧૦/૦૬/૨૦૨૨

# શહેરમાં અલગ અગલ માર્ગો પરથી દબાણ રૂપ એવા ૦૫ ટી સ્ટોલ અને ટેબલ તથા અન્ય ચીજવસ્તુઓ જપ્ત: રૂ. ૩,૫૦૦/ નો વહીવટી ચાર્જ વસુલ

તારીખ: ૧૦-૦૬-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા અને સોલીડ વેસ્ટ દ્વારા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાની સુચનાથી નાયબ મ્યુનિ. કમિશનરશ્રી એ.આર.સિંહનાં માર્ગદર્શન હેઠળ ફૂટપાથ પર રહેલા દબાણ દુર કરવાની ઝુંબેશ ચાલી રહી છે જેમાં તારીખ: ૦૮/૦૬/૨૦૨૨ અને તારીખ: ૦૯/૦૬/૨૦૨૨નાં રોજ રાજકોટ શહેરમાં જુદીજુદી જગ્યાએ જાહેરમાર્ગો પર દબાણ રૂપ એવા ૦૫ ટી સ્ટોલ અને ટેબલ તથા અન્ય ચીજવસ્તુઓ જપ્તી કરવામાં આવેલ છે. તેમજ ૩,૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જેમ કે જાહેર માર્ગ પર નડતર રૂપ ટી સ્ટોલ અને અન્ય પરચુરણ ચીજવસ્તુ ૦૪ જે યાજ્ઞિક રોડ, કેનાલ રોડ, ઢેબર રોડ પાસેથી જપ્ત કરવામાં આવ્યા હતો અને **૦૧ (ઠાકરધણી ટી સ્ટોલ) જે યાજ્ઞિક રોડ પાસેથી જપ્ત કરવામાં આવ્યા હતો તેમજ** વહીવટી ચાર્જ ૩,૫૦૦/- ટાગોર રોડ અને ગાયત્રીનગર મેઈન રોડ પરથી વસુલ કરવામા અવ્યો.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા